ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## મુખ્યમંત્રીને મહિલા ધારાસભ્યો દ્વારા રક્ષાનું બંધન..




આખા રાજ્યની સુખ-સલામતીની ચિંતા જેના શિરે છે તેવા મુખ્યમંત્રીને રાખડી બાંધીને તેમના ક્ષેમકુશળ પ્રાર્થવા મોટી સંખ્યામાં બહેનો ઉમટી હતી. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ સહિત કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

# કોર્પોરેશનમાં મિલકત વેરા વસુલાત અન્વયે માત્ર ૫૮ ટકા : ૧૩૦૦ ફરિયાદો પેન્ડીંગ

### હાલની સ્થિતિએ ગત વર્ષ કરતા ૧૦ ટકા ઓછી વસુલાત : વેરાના ૮૦.૩૦ કરોડના માંગણા સામે ૪૬ કરોડ વસુલાયા : વેરા સંબંધિત ૧૩૦૦થી વધુ ફરિયાદો : નવુ સોફ્ટવેર તૈયાર પણ હજુ અમલ થયો નથી : આગામી સમયમાં નાગરિકોને મોબાઇલ પર જ વેરા સંબંધિત વિગતો મળી જશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર પાલિકા દ્વારા મિલ્કતવેરો વસુલવાની કામગીરી અન્વયે નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. ગત વર્ષની સાપેક્ષમાં અત્યાર સુધી ૧૦ ટકા જેટલી વસુલાત ઓછી થઈ છે. ગત વર્ષે ૭૮ કરોડના માંગણા સામે આ સમયાગાળામાં ૫૩ કરોડની વસુલાત થઈ હતી જયારે આ વર્ષે ૮૦.૩૦ કરોડના માંગણા સામે હાલની સ્થિતિએ ૪૬ કરોડની વસુલાત થઈ છે. કોર્પોરેશનના અત્યાર સુધીમાં બાકી માંગણાની સામે માત્ર ૫૮ ટકાની જ વસુલાત થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગની પાણી ગટર વેરા મામલે જ સ્થિતિ છે તેવી જ દશા મહાનગરપાલિકાની મિલ્કતવેરા મામલે થતી જોવા મળી રહી છે. વેરા વસુલાત મામલે નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. ગત વર્ષે મિલ્કતવેરાના ૭૮ કરોડના માંગણા સામે ૫૩ કરોડનો વેરો વસુલવામાં આવ્યો હતો જયારે આ વર્ષે વસુલાતની કામગીરી અનેક કારણોથી પ્રભાવિત છે. જેના અંતે અત્યાર સુધીમાં માત્ર ૫૮ ટકા જ વસુલાત થઈ છે. આ સ્થિતિ પાછળ અનેક કારણો જવાબદાર હોવાનુ મનાય છે. નાગરિકોને વેરાના વબિલનુ વિતરણ પણ સમયસર થયુ નથી. જેના લીધે નિયત સમયે વેરો ચુકવવામાં પણ નાગરિકોને હાલાકી વેઠવી પડી હતી. જયારે ઓનલાઈન વેરો ચુકવવામાં પણ ટેકનિકલ ખામીઓ સર્જાવાના લીધે નાગરિકોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. જયારે વેરા વસુલાત ઝુંબેશ અન્વયે વળતરનો લાભ પણ એક મહીનો સુધી લંબાવી દેવામાં આવ્યો હતો. જયારે જુનના અંતમાં મુદત પુર્ણ થયા બાદ વસુલાતની કામગીરી અત્યંત મંદ થઈ ગઈ હતી. અલબત્ત યોગ્ય વ્યવસ્થાના અભાવે વેરા વસુલાત ઝુંબેશ પ્રભાવિત છે. જયારે નાગરિકો પણ નિરસતા સેવી રહ્યા છે. જયારે વેરા વસુલાતની કામગીરી ઝડપી અને અસરકારક બને તે માટે મહાનગરપાલિકા દ્વારા નવુ સોફટવેર વિકસાવી નાગરિકોને વોટસ એપ પર વેરાનુ બિલ મળી જાય તે માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. અમદાવાદ પેટર્ન પર સોફટવેર તૈયાર કરવા માટે ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જો કે તૈયાર સોફટવેરનો અમલ હજુ ટેકનિકલ કારણથી કરવામાં આવ્યો નથી. જેના અમલ બાદ નાગરિકોને ઓન સ્કીન જ વેરા સંબંધિત વિગતો મળી જશે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. નિયમ મુજબ વેરા માટે મહાનગરપાલિકા દ્વારા ૬ મહીનાનો સમય આપવામાં આવે છે. જયારે આગામી બે મહીનામાં બાકીદારોને નોટીસ આપવા સહીત વેરા વસુલાત માટે યોગ્ય પગલા લેવાશે. ગાંધીનગર મહાનગરપાલિકાને વેરા સંબંધિત પ્રકીયાને અનુલક્ષી વાંધા સુચનો પણ મળ્યા છે.

જયારે વેરા બિલને અનુલક્ષીને પણ વાંધો હોય તેવા કિસ્સામાં પણ નાગરિકો લેખિત અરજી કરે છે. ચાલુ વર્ષ દરમિયાન મહાનગરપાલિકાને મળેલી ૧૦૨૯૮ અરજીઓ પૈકી ૮૯૩૪નો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં નવી આકારણીને લગતી ૨૦૮૨ અરજીઓ આવી હતી. જેમાંથી ૧૭૫૯નો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે રીસર્વે અન્વયે ૧૯૩૬ અરજીઓ આવી છે. જેમાંથી ૧૬૩૭ અરજીઓનો નિકાલ થયો છે.

ભારાંકમાં સુધારાની પણ ૩૯૬ અરજીનો નિકાલ કરી દેવાયો છે. જયારે બિલ કેન્સલ કરવા મામલે મળેલી ૨૧૮ અરજી પૈકી ૧૧૪ નો નિકાલ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત નામ ફેરફાર માટેની પણ ૪૯૯૩ અરજીઓનો નિકાલ કરી દેવાયો છે. જયારે ૫૧૯ અરજી પડતર છે. અલબત્ત ૧૩૦૦ થી વધુ ફરિયાદાનો નિકાલ હજુ બાકી છે.



શ્રાવણી પૂર્ણિમા એટલે બ્રહ્મબંધુઓનું નવી યજ્ઞોપવિત ધારણ કરવાનું પાવન પર્વ. શહેરના સેક્ટર-૧૬ ખાતે સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મસમાજ ભવન ખાતે સામુહિક યજ્ઞોપવિત વિધિનું આયોજન કરાયું હતું જેમાં શહેરના બ્રહ્મબંધુઓએ નવી યજ્ઞોપવિત એટલે કે જનોઈ ધારણ કરી હતી. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

# ગુડા નવા ૨૬૬૫ આવાસ માટે સપ્ટેમ્બરમાં ફોર્મનું વિતરણ કરશે

### રેરામાં રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થતા હવે પ્રોજેક્ટમાં ગતિ આવશે : વાવોલ, વાસણા હડમતીયા, અને સરગાસણમાં નવા આવાસ બાંધવાની યોજનાનું કામ ચાલી રહ્યું છે

ગાંધીનગર, તા.૩૦

ગુડા દ્વારા આર્થિક નબળા વર્ગના પરિવારોને ધ્યાનમાં રાખી નવા આવાસો બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે .પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વાસણા હડમતિયામાં ૧૩૫૨, વાવોલમાં ૬૮૯ અને વાવોલમાં ૬૨૪ આવાસોના નિર્માણ પાછળ ૨.૨૬ અબજના ખર્ચે કરવામાં આવશે .જયારે આવાસ યોજનાના પ્રોજેક્ટ ને અનુલક્ષી રૈરા માં રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે ત્યારે આગામી સપ્ટેમ્બર મહિનામાં લાભાર્થીઓ માટે ફાર્મ પણ બહાર પાડવામાં આવશે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા શહેર આસપાસની વિવિધ નગર રચના યોજનામાં મળેલા કપાતની જમીનમા તબક્કાવાર આવાસ નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે .આ અન્વયે ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૯ના વાસણા હડમતિયામાં ફાઈનલ પ્લોટ નંબર ૧૭૫માં ૧૩૫૨ આવાસ તૈયાર કરવામાં આવશે આ ઉપરાંત ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૯ના સરગાસણમાં ફાઈનલ પ્લોટ નંબર ૧૪૯માં ૬૨૪ આવાસ બાંધવાનું કામ હાથ ધરાયુ છે જયારે ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૩માં આવતાં વાવોલ વિસ્તારમાં ફાઈનલ પ્લોટ નંબર ૨૬૪માં ૩૨૦ અને ફાઈનલ પ્લોટ નંબર ૨૭૧માં ૩૬૯ સહીત વાવોલમાં ૬૮૯ આવાસ તૈયાર કરવામાં આવી રહ્યા છે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુલ ૨૬૬૫ આવાસ બાંધવામાં આવશે. જેની પાછળ ૨,૨૬,૫૨ ,૫૦,૦૦૦નો ખર્ચ થશે .આ આવાસ યોજનાને અનુલક્ષી રેરામાં નોંધણીની પ્રક્રિયા લાંબા સમય થી બાકી હતી જયારે હવે રજીસ્ટ્રેશનની કામગીરી પણ પૂર્ણ થઇ ગઈ છે જેથી આગામી સપ્ટેમ્બર મહિનામાં લાભાર્થીઓને ફોર્મ વિતરણ પણ શરુ કરી દેવાશે વિવિધ વિસ્તારમાં ૨૬૬૫ જેટલા આવાસ બાંધવાની આ યોજનાનું કામ આગામી બે વર્ષમાં પૂર્ણ કરી દેવાશે

# કોર્પોરેશનમાં સમિતિઓની રચના અન્વયે મંજુરી માટે મેયર રજુઆત કરશે

### અગાઉ સમિતિઓની રચના અંગે નિર્ણય લેવાયા બાદ સરકારી મંજુરીની રાહ વાટ : વિલંબ થતા હવે ફરીએકવાર રજુઆત કરવામાં આવશે


ગાંધીનગર તા ૩૦


ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય થયા બાદ ચુંટાયેલા ભાજપના નગરસેવકોને સમિતિઓમાં પણ સ્થાન મળે તે માટે વિવિધ સાત સમિતિઓની રચના કરવા માટે અગાઉ નિર્ણય લેવાયો હતો. આ પ્રક્રીયાના અંતે સમિતિઓ માટે સરકારની મંજુરી પણ માંગવામાં આવી હતી જો કે આ મામલે થોડો વિલંબ થતા હવે ફરીએકવાર મેયર મુખ્યમંત્રીને રૂબરૂ મળી મંજુરી માટે રજુઆત કરશે.


ગાંધીનગર મહાનગરપાલિકામાં ૪૧ બેઠકો ભાજપના પોકેટમાં આવી હતી જયારે ભાજપની ઐતિહાસિક જીત બાદ તમામ નગરસેવકોને હોદો આપવા માટે વિચારણા કરવામાં આવી હતી જેને અનુલક્ષી ભાજપે મહાનગરપાલિકામાં વિવિધ ૭ જેટલી સમિતિઓની રચના કરવાનો પણ નિર્ણય લીધો હતો. જયાર સ્ટેન્ડીંગ કમિટીએ અગાઉ આ સમિતિની રચનાને મંજુરી પણ આપી દીધી છે. જયારે નાણાંકીય સત્તા પણ આપવામાં આવી છે. આ અન્વયે અગાઉ સામાન્ય સભાનુ આયોજન કરી આ એજન્ડાને બહુમતથી મંજુરીના અંતે સરાકર કક્ષાએ મંજુરી અર્થે મોકલી દેવામાં આવ્યો છે. જો કે સમિતિઓની મંજુરીની દરખાસ્ત હજુ સરકાર કક્ષાએ છે.

જેના લીધે નિયત સમિતિઓ અસ્તિત્વમાં આવી નથી જયારે સમિતિઓની મંજુરી મામલે હજુ સુધી વિલંબ થતા હવે મેયર કક્ષાએથી સરકારને રજુઆત કરવામાં આવશે મેયર હીતેશ મકવાણા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રૂબરૂ મુલાકાત લઈને સમિતની રચના મામલે મંજુરી અર્થે રજુઆત કરશે. જયારે સરકાર કક્ષાએથી લીલીઝંડી આપી દેવાયા બાદ આગામી દિવસોમાં સામાન્ય સભાનુ આયોજન કરીને સમિતિની રચના સંદર્ભે નિમણુંકો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ગાંધીનગરના આકાશમાં સુપર મુનનો અદભૂત નજારો..!







જી-૨૦ના કાર્યક્રમના અનુસંધાને ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કને તેમજ ગાંધીનગરના વિવિધ માર્ગોને અત્યંત આકર્ષક રોશનીથી સજાવવામાં આવ્યા છે.

# પાઈપલાઈનમાંથી વહી જતા પાણીનો વેડફાટ ન થાય તે માટે તંત્રએ જ વિશેષ જાગૃત થવાની અનિવાર્યતા



ગાંધીનગર, તા.૩૦

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પુરતા પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવે છે. સેકટરોમાં પાણીનો વપરાશ પણ વિશેષ છે. અલબત્ત સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરાઓ કરતા હોવાનુ પણ મનાય છે. ત્યારે નગરના માર્ગો પર વારંવાર પાણીનો વેડફાટ થતા હોવાના દ્રશ્યથી પણ સૌ વ્યથિત છે. પાણીનો બગાડ અટકાવવા માટે હજુ જનજાગૃતિ અનિવાર્ય છે. શહેરની સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ થતો હોય છે. ત્યારે પાઈપલાઈનમાંથી વહી જતા પાણીનો વેડફાટ ન થાય તે માટે તંત્રએ જ વિશેષ જાગૃત થવાની અનિવાર્યતા છે.

# આજે ગુડા અડાલજમાં બાકી રહેતા એલ આઈજી-૨ના ૯૬ મકાનોનો ડ્રો કરશે

### આવાસના ડ્રો અન્વયે ગુડાને ૨૭૨૬ અરજીઓ મળી છે : વિવિધ કેટેગરીમાં અરજીઓ મળી જનરલ કેટેગરીમાં સૌથી વધુ ૧૮૬૪ અરજીઓ આવી છે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજમાં નિર્માણ કરાયેલા આવાસોના મામલે આજે ડ્રો કરવામાં આવશે. જેમાં એલ આઈ જી ટુ પ્રકારના બાકી રહેતા ૯૬ આવાસોનો આજે કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવશે. આવાસોના ડ્રો અન્વયે ગુડાને ૨૭૨૬ જેટલી અરજીઓ મળી છે. એકબાજુ ગુડા દ્વારા આવાસોના મામલે ફાળવણી રદ થઈ હોય તેવા કિસ્સામાં ડિપોઝીટની રકમ પરત આપવા માટે સમય લંબાવી ચાર મહીના કરી દેવાયો છે. જયારે આવાસોની ફાળવણી બાદ નાણાંની ચુકવણી ન કરનારના આવાસનો કબજો પણ રદ કરવા સુધીના આકરા પગલા પણ લેવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્મિત આવાસોમાં હવે ભાડુઆતોના વસવાટ મામલે આકરા દંડની વસુલાત કરવામાં આવી રહી છે. જયારે આવાસની ફાળવણી બાદ નક્કી કરેલા સમય મુજબ નાણાંની ચુકવણી ન કરવામાં આવે તો આવાસની ફાળવણી પણ રદ કરી દેવા સુધીના પગલા લેવામાં આવે છે. જયારે ગુડા દ્વારા હાલમાં પણ નવા આવાસો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે અડાલજ સ્થિત એલ આઈ જી ટુ સ્કીમ અન્વયે બાકી રહેતા ૯૬ જેટલા આવાસોનો ડ્રો પણ લાંબા સમયથી બાકી હતો જેને અનુલક્ષી આજે ગુડા દ્વારા ડ્રોની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે આ માટે ગુડાના તંત્રને અત્યાર સુધી ૨૭૨૬ જેટલી અરજીઓ મળી છે. જયારે આ ૯૬ પૈકી ૬૭ આવાસો જનરલ કેટેગરીમાં આપવામાં આવશે. જયારે આ માટે ૧૮૬૪ અરજીઓ મળી છે. જયારે ૨૫ આવાસ ઓ બી સી કેટેગરીને અનુલક્ષી ફાળવવામાં આવનાર છે. જેને અનુલક્ષીને ૭૯૩ અરજીઓ પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત એસ ટી કેટેગરીમાં પણ ૪ મકાનો ફાળવવામાં આવશે. આ અન્વયે પણ ૬૯ જેટલી અરજીઓ મળી છે. જયારે આવાસોના મામલે અગાઉ દસ્તાવેજી પુરાવાઓનુ પણ વેરિફીકેશન કરવામાં આવ્યુ હતુ. આવાસોને અનુલક્ષીને આજે ગુડા દ્વારા ડ્રોની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે જયારે આવાસની ફાળવણી સાથે નાણાંની ચુકવણી માટે પણ જરૂરી માહીતી આપવામાં આવશે જો કે આવાસની ફાળવણી બાદ સમયસર નાણાં નહીં ચુકવવામાં આવે તો ગુડા કક્ષાએથી પ્રતિક્ષા યાદી મુજબ મકાન ફાળવી દેવામાં આવશે. થોડા સમય અગાઉ પણ આવાસેના મામલે નાંણાની ચુકવણી બાકી હોય તેવા કિસ્સામાં ગુડાએ લાભાર્થીઓને નોટીસ આપી છે. જો કે આ પૈકી ઘણાખરા લાભાર્થીઓ હવે નોટીસના અંતે પૈસાની ચુકવણી માટે તૈયારી દર્શાવી રહ્યા છે. ત્યારે ગુડાએ પણ પુન : વિચારણા કરવી પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : જેકે વિઝન મિડિયા પ્રાઈવેટ લિમિટેડ વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર, જી. અમદાવાદ ખાતે છાપ્યું અને બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. કાર્યવાહક તંત્રી : મયુર જી. પટેલ, ફોન : ૨૩૨૨૨૫૭૧, મો. ૯૮૭૯૭૯૭૮૮૪, E-mail : gandhinagarsamachar@gmail.com